# Nirma University
# Library Resource Centre

NIRMA UNIVERSITY
NAAC ACCREDITED 'A' GRADE

Publication: **Gujarat Samachar Plus** Edition: **Ahmedabad**
Date & Day: **20/02/2022 (Sun)** Page No: **01**

---

### ઈન્સ્ટિટ્યૂટ ઓફ લૉ નિરમા યુનિવર્સિટીમાં વેબિનાર

## AI એ એવી સિસ્ટમ છે જે સમસ્યાઓ હલ કરવામાં સક્ષમ છે

ઈન્સ્ટિટ્યૂટ ઓફ લૉ નિરમા યુનિવર્સિટીમાં 'લૉ એન્ડ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' થીમ પર ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન યુ.એસ.એ.ના વિશેષ સલાહકાર ડૉ.સ્ટીવ રોબિન્સને કહ્યું કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજેન્સ (એઆઇ) એ ઈન્ડસ્ટ્રી ૪.૦ના ૪ ઘટકમાંથી એક ઘટક છે જેનો ડેટાના વિશાળ સેટ, વિવિધ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને તે માહિતી સાથેની વ્યવહાર પર આધારિત નવીનતમ ઔદ્યોગિક ક્રાંતિ છે. એ.આઇ. એ કમ્પ્યૂટર વિજ્ઞાનનું એક વ્યાપક ક્ષેત્ર છે જેનો ઉપયોગ એવા કમ્પ્યૂટર બનાવવાનો છે જે સ્વતંત્ર અને બુદ્ધિપૂર્વક કાર્ય કરી શકે છે. એઆઈએ એવી સિસ્ટમ છે જે સમસ્યાઓ હલ કરવામાં સક્ષમ છે જેને આપણે મનુષ્યો સામાન્ય રીતે આપણી કુદરતી બુદ્ધિનો ઉપયોગ કરીને હલ કરી શકાશે. આધુનિક સમયમાં ઝડપી માનવ જીવનમાં એઆઇ વિકાસનો હેતુ ઓટોમેશનની માંગ અને ઈચ્છાને સંબોધવાનો છે. એ.આઈ. ઈન્ટેલિજન્સ વકીલોની પ્રેક્ટિસ કરવાની રીત અને ભારતમાં કાયદાને કેવી રીતે જોવામાં આવે છે તે બદલવાની ક્ષમતા ધરાવે છે.